ક્રમાંક: રાપબો/એ.ટી.ડી. પરીક્ષા/પરીણામ/૨૦૨૦/૪૮૪૨-૫૩

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા.
સરકારી પુસ્તકાલય સામે,
સેક્ટર-૨૧, ગાંધીનગર
ઇ-મેલ: gseb21@gmail.com
તારીખ:૧૪/૧૨/૨૦૨૦

જાહેરનામુ:-

વંચાણે લીધા: (૧) અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક: રાપબો/ઉચ્ચકલા/૨૦૧૯-૨૦/૩૫૨-૩૭૦, તા:૨૨/૦૧/૨૦૨૦
(૨) અત્રેની કચેરીના સુધારેલ જાહેરનામા ક્રમાંક: રાપબો/ઉચ્ચકલા/૨૦૧૯-૨૦/૨૪૯૦-૨૫૦૯, તા:૧૬/૦૯/૨૦૨૦

રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુ.રા. ગાંધીનગર દ્વારા એ.ટી.ડી. પરીક્ષા માટે આમુખ-૧ અનુસારના જાહેરનામા અનુસાર એ.ટી.ડી. પ્રથમ અને દ્વિતિય વર્ષ પરીક્ષાઓ કોરોના વાયરસ ના કારણે મોકૂફ રાખવામાં આવેલ હતી. તથા આ પરીક્ષાઓનો સુધારેલો કાર્યક્રમ આમુખ-૨ અનુસારના સુધારેલ જાહેરનામાથી બહાર પાડવામાં આવેલ હતો. આ જાહેરનામા અન્વયે એ.ટી.ડી. દ્વિતિય વર્ષ ની પરીક્ષા વર્ષ-૨૦૨૦ વિવિધ કેન્દ્રો પરથી લેવામાં આવી હતી તથા એ.ટી.ડી. પ્રથમ વર્ષના ઉમેદવારોને MERIT BASED PROGRESSION આપવામાં આવેલ છે. આ પરીક્ષાઓનું પરીણામ આજ તા.૧૪/૧૨/૨૦૨૦ ના રોજ જાહેર કરવામાં આવે છે. ઉક્ત પરીક્ષાના પરીણામ રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઇટ www.sebexam.org પર પણ જોવા મળશે. સંબંધિત સંસ્થાના ઉપસ્થિત થયેલ ઉમેદવારોના માર્કશીટ/પ્રમાણપત્ર/માઇગ્રેશન સંસ્થાના આચાર્યશ્રીને મોકલી આપવામાં આવશે. જે સંસ્થાના આચાર્યશ્રીએ સંસ્થાના રેકર્ડ સાથે ચોક્કસાઇ પૂર્વક ચકાસણી કરી, સંબંધિત તાલીમાર્થીઓને સત્વરે સુપ્રત કરવાનાં રહેશે.

**એ.ટી.ડી. પરીક્ષા પરીણામ - ૨૦૨૦ ની વિગત નીચે મુજબ છે.**

| ક્રમ | પરીક્ષાનું નામ | કુલ ઉમેદવાર | ઉપસ્થિત ઉમેદવારો | પાસ | નાપાસ | ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| ૧ | એ.ટી.ડી. પ્રથમવર્ષ | 168 | 168 | 168 | 00 | 100% |
| ૩ | એ.ટી.ડી. દ્વિતિયવર્ષ | 189 | 182 | 179 | 3 | 98.35% |

જે ઉમેદવાર ઉત્તરવહીના ગુણ ચકાસણી કરાવવા ઇચ્છતા હોય તેમણે તે અંગેની અરજી (રીચેકિંગનું ફોર્મ) તથા ગુણ ચકાસણી ફી વિષય દીઠ રૂ.૧૦૦/- (અંકે રૂપિયા સો) ભરવાની રહેશે. આ મુજબ ગુણ ચકાસણી ફીની કુલ રોકડ રકમ તથા અરજી પરીણામ જાહેર કર્યા તારીખથી દિન-૭ માં, તા:૨૧/૧૨/૨૦૨૦ સુધીમાં ઉમેદવારે પોતાની સંસ્થા ખાતે જમા કરાવવાની રહેશે. તાલીમાર્થીની સીધી અરજી અત્રેની કચેરીએ સ્વીકારવામાં આવશે નહીં. આ ગુણ ચકાસણી માત્ર થીયરીના વિષયો અને વાર્ષિક પ્રેક્ટિકલ પરીક્ષાની કામગીરીના પેપરોમાં જ થઈ શકશે. ગુણચકાસણી અંગેની અરજીઓ (ફોર્મ) તથા ગુણ ચકાસણી માટે એકત્ર કરેલ ફીની કુલ રકમનો ડી.ડી. સંસ્થાએ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરને તા.૨૩/૧૨/૨૦૨૦ સુધીમાં મોકલી આપવાના રહેશે. ગુણ ચકાસણી ફી ની રકમનો આ ડિમાન્ડ ડ્રાફ્ટ 'સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર' ના નામનો કાઢવાનો રહેશે. આ ફોર્મ અને ડિમાન્ડ ડ્રાફ્ટ જે-તે સંસ્થાએ બોર્ડને મોકલી આપવાની અંતીમ તારીખ વિતિ ગયા બાદ સ્વીકારવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

એ.ટી.ડી. પ્રથમ વર્ષના પ્રસિધ્ધ કરેલા MERIT BASED PROGRESSION આધારિત પરિણામથી જે ઉમેદવારને સંતોષ ન હોય તેઓએ રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઇટ (www.sebexam.org) પરથી નિયત નમૂનાનું ફોર્મ મેળવી સંસ્થા મારફતે તા:૨૩/૧૨/૨૦૨૦ સુધીમાં બોર્ડ ખાતે મોકલી આપવાનું રહેશે. આવા ઉમેદવારોની તમામ વિષયોની પરીક્ષા રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આગામી વર્ષે યોજાતી પરીક્ષા સમયે લેવામાં આવશે. તથા એક વાર પ્રથમ વર્ષના આ પરિણામથી અસંતુષ્ટતા જાહેર કર્યા બાદ તે ઉમેદવારનું પરિણામ રદ કરવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.

અધ્યક્ષ
રાજ્ય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

પ્રતિ
આચાર્યશ્રી, એ.ટી.ડી. કોલેજ (સંબંધિત)

નકલ સવિનય રવાના જાણ સારૂ:
-માન. શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
-માન. રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
-અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
-કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર.

Scanned by CamScanner